આંક ૫ ની અરજી લગત હુકમ :-

૧. આ કામે વાદીઓએ પ્રતિવાદીઓ વિરુધ્ધ ડેકલેરેશન તેમ જ કાયમી મનાઇ હુકમ મેળવવા હાલનો દાવો કરી દાવાના અનુસંધાને સિવીલ પ્રોસીઝર કોડના ઓર્ડર ૩૯ રૂલ ૧ અને ૨ અને કલમ ૧૫૧ અન્વયે પ્રતિવાદીઓ વિરુધ્ધ કામચલાઉ મનાઇ હુકમ મેળવવા માટેની હાલની અરજી કરેલ છે.

૨. આ કામે દાવા અને હાલની મનાઇ અરજીનો સમન્સ અને નોટીસની પ્રતિવાદીઓને ધોરણસરની બજવણી થતા પ્રતિવાદી નં.૧ નાએ તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર થઇ આંક ૧૯ થી પોતાનો લેખીત જવાબ રજુ કરેલ છે. પ્રતિવાદી નં.૨ અને ૩ નાઓને સમન્સ અને નોટીસની ની ધોરણસરની બજવણી થતા તેમના તરફે એજીપી શ્રી. ડી.એસ. પટેલ હાજર થયેલ પરંતુ ત્યારબાદ પુરતી અને વ્યાજબી તકો આપવામાં આવેલ હોવા છતાં પ્રતિવાદી નં.૨ અને ૩ તરફે કોઇ લેખીત જવાબ રજુ થયેલ નહી અને એજીપી શ્રી. ડી.એસ. પટેલ નાઓએ હાલના દાવાના કામે કોઇ લેખીત જવાબ રજુ કરવા માંગતા ન હોવાનું જણાવતા તારીખ ૨૪.૪.૨૦૧૯ ના રોજ પ્રતિવાદી નં.૨ અને ૩ નો હાલના દાવાના કામે જવાબ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

૩. વાદીઓની હાલની આંક ૫ ની મનાઇ અરજી, દાવા અરજી તથા રજુ કરેલ તમામ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. પ્રતિવાદી નં.૧ તરફે હાલના દાવાના વિરુધ્ધમાં રજુ કરેલ આંક ૧૯ નો લેખીત જવાબ અને વાદી તરફે રજુ થયેલ આંક ૨૨ ની કાઉન્ટર એફીડેવીટ વંચાણે લીધી. વાદીએ હાલના દાવાના કામે આંક ૪ ના લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા તેમ જ પ્રતિવાદી નં.૧ નાએ આંક ૨૮ થી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા પણ વંચાણે લીધા. હાલની અરજી વાદીઓએ કામચલાઉ મનાઇ હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે અને સદર અરજી નીચે હુકમ કરતા હોઇ, સદર અરજીની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

૪. આ કામે પ્રતિવાદી નં.૧ નાઓએ વાદીઓના દાવાની વિરુધ્ધમાં આંક ૧૯ થી દાવા અરજી અને વચગાળાની મનાઇ અરજીનો સંયુકત જવાબ રજુ કરેલ છે જેમાં પ્રતિવાદી નં.૧ નાએ

વાદીઓની દાવા અને મનાઇ અરજીની હકીકતોનો ઇન્કાર કરી વધુમાં જણાવેલ છે કે વાદીઓના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે અને વાદીઓએ ધીરધારના કાયદા અન્વયે કોઇ સ્ટેટમેન્ટ, નિયત ફોર્મ કે હિસાબ કિતાબ રાખેલ નથી અને તે રીતે વાદીઓએ ધીરધારના કાયદાની જોગવાઇઓનું ઉલ્લંઘન કરેલ છે. વધુમાં પ્રતિવાદી નં.૧ નાએ જણાવેલ છે કે વાદીની પેઢીએથી જણાવેલ બાકી રકમ રૂપીયા ૧,૧૯,૨૮,૮૨૧/- જુદા જુદા હેડે લીધેલ ધીરાણની રકમ મે, ૨૦૧૭ સુધીના વ્યાજ સહીત બાકી પડતી હોવા બાબતની વાદીની માંગણી તદ્દન ખોટી અને ગેરકાયદેસરની હોવાની અને સદર વ્યવહાર મની લેન્ડ એકટની જોગવાઇઓ વિરુધ્ધની છે. પ્રતિવાદી નં.૧ નાએ વધુમાં જણાવેલ છે કે વાદીએ જણાવ્યા મુજબનું લેણું દેખીતી રીતે જ સમયમર્યાદા બહારનું હોવા છતાં વાદીએ સમયમર્યાદા બહારના લેણાંને મે,૨૦૧૭ સુધી વ્યાજ સહીત ગણેલ છે અને વાદીએ વ્યાજ બાબતે કોઇ આધાર પુરાવા વગર વ્યાજ ગણી રકમની માંગણી કરેલ છે. વધુમાં બાકી લેણી રકમ બાબતે વાદીએ ઉઘરાણી કરેલ પરંતુ પ્રતિવાદી નં.૧ નાએ કોઇ દરકાર કરેલ નહી અને દાગીના નકલી હોઇ પોલીસ ફરીયાદ કરવાનું વાદીએ જણાવતા પ્રતિવાદી નં.૧ નાએ તારીખ ૧૯.૧૦.૨૦૧૫ ના રોજ વાદીને ત્યાં મુકેલ તમામ દાગીના નકલી અને બનાવટી હોવા બાબતનું કબુલાતનામું લખી દાગીનાની કિંમત કરતા વધુ રકમનું ધિરાણ મેળવેલ હોવાની વાદીએ જણાવેલ તમામ હકીકતો ખોટી અને ગેરકાયદેસર રીતે જણાવેલ હોવાનું જણાવેલ છે.

૪.૧ વધુમાં પ્રતિવાદી નં.૧ નાએ તેમના લેખીત જવાબમાં જણાવેલ છે કે તેઓએ વાદીની લેણી રકમ બાબતે કોઇ સમાધાન કરેલ ન હોવાની કે તેઓએ વાદીને કયારેય કોઇ ચેકો આપેલ ન હોવાની પરંતુ વાદીઓએ પ્રતિવાદી નં.૧ ના ખુબ જ જુના ચેકોનો દુરુપયોગ કરી ચેકની વિગતો જાતે ભરી ભરાવી ગેરકાયદેસરના લેણાં ને કાયદેસરના કરવા ચેકોનો દુરુપયોગ કરેલ હોવાનું જણાવેલ છે. વધુમાં વાદીએ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં પ્રતિવાદી નં.૧ વિરુધ્ધ લેખીત ફરીયાદ આપેલ તેમાં હાલના દાવામાં જણાવેલ ઘણી હકીકતોનો ઉલ્લેખ ન હોવાની અને વિરોધાભાસી હકીકતો પોતાના લેણા બાબતે જણાવેલ છે અને વાદીઓએ મે, ૨૦૧૨ થી ૨૦૧૫ સુધી પ્રતિવાદી નં.૧ ના કૃત્ય બાબતે કોઇ કાર્યવાહી કરેલ નથી. વધુમાં પ્રતિવાદી નં.૧ વિરુધ્ધ તારીખ ૨૨.૬.૨૦૧૭ ની ફરીયાદના અનુસંધાને તારીખ ૨૮.૧૦.૨૦૧૭ ના રોજ ગુનો રજીસ્ટર કરવામાં આવેલ તે

એફ.આઇ.આર. નં.૭૬/૨૦૧૭ માં વાદીના જણાવ્યા મુજબ સમાધાન થતા સપ્ટેમ્બર, ૨૦૧૭ ના માસમાં કુલ ૫ ચેકો આપેલ અને તે ચેકો તે જ અરસામાં પરત ફરેલ તેવી કોઇ હકીકતનો ઉલ્લેખ તે ફરીયાદમાં કરેલ ન હોવાનું જણાવી વાદીનો હિસાબ કિતાબ અને આક્ષેપો, વ્યવહાર વર્તન જોતાં વાદીઓએ કાયદા વિરુધ્ધ હાલનો ખોટો અને બનાવટી દાવો કરેલ હોઇ વાદીઓનો હાલનો દાવો અને મનાઇ અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે. આ કામે પુરતી અને વ્યાજબી તકો આપવામાં આવેલ હોવા છતાં પ્રતિવાદી નં.૨ અને ૩ તરફે કોઇ લેખીત જવાબ રજુ કરવામાં આવેલ નથી.

૫. ત્યારબાદ આ કામે વાદી તરફે આંક ૨૨ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરવામાં આવેલ જેમાં વાદીઓએ પ્રતિવાદી નં.૧ ના જવાબની હકીકતોનો ઇન્કાર કરી પોતાના દાવાની હકીકતોને વળગી રહેલ છે અને વધુમાં જણાવેલ છે કે આ કામના પ્રતિવાદી નં.૧ નાએ વાદીની પેઢીમાંથી જુદા જુદા હેડ નીચે રકમ લીધેલ છે તે કાયદેસરની વસુલ લેવાની બાકી નીકળે છે જેમાં (૧) દુકાનના વેચાણ પેટે લીધેલ રકમ રૂપીયા ૯,૪૬,૩૮૧/-, (૨) વાદી પાસેથી વેચાણ લીધેલ સોના ચાંદીના માલ પેટે તેમ જ ચાંદીના ઘાટ પેટે રૂપીયા ૧૮,૪૯,૬૮૫/-, (૩) ટુકડે ટુકડે હાથઉછીના ધિરાણ પેટે લીધેલ રકમ રૂપીયા ૧૩,૦૬,૫૯૫/- અને (૪) દાગીના ગીરવે મુકી મેળવેલ રકમ રૂપીયા ૭૮,૨૬,૧૬૦/- મળી કુલ રકમ રૂપીયા ૧,૧૯,૨૮,૮૨૧/- (અંકે રૂપીયા એક કરોડ ઓગણીસ લાખ અઠયાવીસ હજાર આઠસો એકવીસ પુરા) મે, ૨૦૧૭ સુધીના હિસાબની કાયદેસરની બાકી લેણી રકમ પ્રતિવાદી નં.૧ પાસેથી વસુલ લેવાની થતી હોવાનું જણાવેલ છે. વધુમાં પ્રતિવાદી નં.૧ નાએ કાયદેસરના લેણાં પેટે જુદી જુદી તારીખના જુદી જુદી રકમના કુલ પાંચ ચેકો આપેલ તે તમામ ચેકો પણ અનપેઇડ થઇને પરત આવેલ હોઇ તે બાબતની જુદી જુદી ફરીયાદો પણ વાદીએ પ્રતિવાદી નં.૧ વિરુધ્ધ કરેલ હોવાની અને પ્રતિવાદી નં.૧ નાએ ડુપ્લીકેટ દાગીના વાદીઓને ત્યાં મુકી નાણાં મેળવેલ તે બાબતની મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ થયેલ છે જેમાં પ્રતિવાદી નં.૧ ની ધરપકડ થયેલ અને પ્રતિવાદી નં.૧ નાએ નામદાર સેશન્સ અદાલતમાંથી જામીન મેળવેલ હોવાની હકીકતો જણાવી પ્રતિવાદી નં.૧ નાએ વાદીની લેણી રકમ ચુકવવી ન પડે તે માટે અને પોતાની જવાબદારીમાંથી છટકવા નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવા ખોટો જવાબ રજુ કરેલ હોવાનું

જણાવી પ્રતિવાદી નં.૧ ના લેખીત જવાબની હકીકતોનો સ્પષ્ટ ઇન્કાર કરી પોતાની દાવા અને હાલની મનાઇ અરજીની હકીકતોને વળગી રહેલ છે.

૬. હાલના દાવાના કામે વાદીઓ તરફે પોતાના દાવા અને હાલની અરજીના સમર્થનમાં આંક ૪ ના લીસ્ટથી કુલ ૧૩૮ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે અને પ્રતિવાદી નં.૧ નાએ પોતાના આંક ૧૯ ના લેખીત જવાબના સમર્થનમાં આંક ૨૮ ના લીસ્ટથી કુલ ૧૦ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. બંને પક્ષકારો તરફે રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવા હાલની અરજીના અનુસંધાને વંચાણે લીધેલ છે.

૭. ત્યારબાદ વાદી તરફે વિધ્વાન વકીલ શ્રી. એસ.આર. પંડયાએ આંક ૨૭ થી હાલની કામચલાઉ મનાઇ અરજીની લેખીત દલીલો રજુ કરેલ છે તે વંચાણે લીધેલ છે. પ્રતિવાદી નં.૧ તરફે વિધ્વાન વકીલ શ્રી. બી.એમ. કોઠારી ની મૌખીક દલીલો સાંભળી. પ્રતિવાદી નં.૨ અને ૩ તરફે વિધ્વાન એજીપી શ્રી. ડી.એસ. પટેલ હાજર થયેલ છે અને તેઓને વ્યાજબી અને પુરતી તકો આપવામાં આવેલ હોવા છતાં તેઓએ હાલના દાવાના કામે કોઇ લેખીત જવાબ રજુ કરેલ નથી કે હાલની અરજીના વિરુધ્ધમાં કોઇ દલીલો પણ કરેલ નથી અને આમ, આ કામે વાદીઓ અને પ્રતિવાદી નં.૧ ના વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી હાલની અરજીનો ગુણદોષ ઉપર નિકાલ કરવામાં આવેલ છે.

૮. હાલની અરજી તથા રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લેતાં, આ તબકકે મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદીઓ સાબીત કરેલ છે કે તેમનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું વાદીઓ સાબીત કરે છે કે અગવડતા અને સગવડતાનું પાસું તેઓની તરફેણમાં છે?

(૩) શું વાદીઓ સાબીત કરે છે કે તેઓની અરજીમાં માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં ન આવે તો તેઓને નાણાંમાં ન ભરપાઇ થઇ શકે તેવું નુકસાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

૯. ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો અને તારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં
(૨) નકારમાં
(૩) નકારમાં
(૪) આખરી હુકમ મુજબ.

## -: કા ર ણો :-

મુદ્દાઓ નંબર ૧ થી ૩ :-

૧૦. ઉપરોક્ત મુદ્દા નં.૧ થી ૩ એકબીજાની હકીકતોને સંલગ્ન હોઇ પુરાવાની ચર્ચા કરવામાં પુનરાવર્તન ન થાય તે હેતુથી સદર મુદ્દાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે. આ કામે વાદીએ હાલના દાવાના અનુસંધાને સિવીલ પ્રોસીઝર કોડના ઓર્ડર ૩૯ રૂલ ૧ અને ૨ અન્વયે પ્રતિવાદીઓ વિરુધ્ધ કામચલાઉ મનાઇ હુકમ મેળવવા માટે હાલની અરજી કરેલ છે. સિવીલ પ્રોસીઝર કોડ ના ઓર્ડર ૩૯ રૂલ ૧ અને ૨ મુજબ કામચલાઉ મનાઇહુકમની અરજીના નિકાલ માટે પ્રથમ દર્શનીય કેસની ચર્ચા કરવાની હોય છે અને તે સંજોગોમાં ઉભય પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ઉપરથી સૌ પ્રથમ દાવામાં કોઇ તકરારી મુદ્દો સમાયેલ છે કે કેમ તે નકકી કરવાનું હોય છે અને વાદીએ તે મુદ્દો પોતાની તરફેણમાં હોવાનું પ્રથમ દર્શનીય રીતે પુરવાર કરી શકેલ છે કે કેમ તે નકકી કરવાનું હોય છે.

૧૧. સૌ પ્રથમ તો વાદીઓના દાવાની હકીકતો જોવામાં આવે તો વાદીઓએ ડેકલેરેશન અને કાયમી મનાઇ હુકમ મેળવવા હાલનો દાવો કરેલ છે અને દાવાના અનુસંધાને હાલની કામચલાઉ મનાઇ અરજી કરી પ્રતિવાદી નં.૧ ની માલીકી કબજા ભોગવટાની તેમ જ તેમના નામે આવેલી મોડાસાની સીટી સરવે નં.૪૩૧૫/એ/૨/એ/૨ વાળી દુકાન નં.૪ તથા તેમના પત્નીના નામે આવેલ મોડાસાની સીટી સરવે નં.૪૩૧૫/એ/૨/એ/૨ વાળી દુકાન નં.૩ તથા મોડાસા મુકામે નાલંદા સોસાયટી નં.૨ માં આવેલ સીટી સરવે નં.૪૩૯/એ/૪૯ વાળું મકાન વાદીઓની લેણી રકમ

ચુકવે નહી ત્યાં સુધી પ્રતિવાદી નં.૧ તેમના પરીવારના સભ્યો કે ત્રાહીત વ્યકિતઓના નામે વેચાણ, ગીરો, બક્ષીસ કે ટ્રાન્સફર કરે કરાવે નહી તેવો દાવો ચાલતા દરમિયાનનો કામચલાઉ મનાઇ હુકમ ફરમાવવા હાલનીઅરજી કરેલ છે. વધુમાં પ્રતિવાદી નં.૧ વાદીઓને લેણી રકમ ચુકવી ન આપે ત્યાં સુધી સદર મિલકતો પ્રતિવાદી નં.૨ અને ૩ સદર મિલકતો સબંધે કોઇ નોંધ મિલકતના રજીસ્ટરે પાડે પડાવે નહી તેવો દાવો ચાલતા દરમિયાનનો કામચલાઉ મનાઇ હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

૧૨. વાદીઓ તરફે વિધ્વાન વકીલ શ્રી. એસ.આર. પંડયાએ તેમની આંક ૨૭ ની લેખીત દલીલોમાં મુખ્યત્વે વાદીઓની આંક ૧ ની દાવા અરજી અને હાલની આંક ૫ ની કામચલાઉ મનાઇ અરજીની હકીકતોનો પુનરોચ્ચાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે વાદી પેઢીની પ્રતિવાદી નં.૧ પાસે જુદા જુદા હેડવાળી (૧) દુકાનના વેચાણ પેટે લીધેલ રકમ રૂપીયા ૯,૪૬,૩૮૧/-, (૨) વાદી પાસેથી વેચાણ લીધેલ સોના ચાંદીના માલ પેટે તેમ જ ચાંદીના ઘાટ પેટે રૂપીયા ૧૮,૪૯,૬૮૫/-, (૩) ટુકડે ટુકડે હાથઉછીના ધિરાણ પેટે લીધેલ રકમ રૂપીયા ૧૩,૦૬,૫૯૫/- અને (૪) દાગીના ગીરવે મુકી મેળવેલ રકમ રૂપીયા ૭૮,૨૬,૧૬૦/- મળી કુલ રકમ રૂપીયા ૧,૧૯,૨૮,૮૨૧/- (અંકે રૂપીયા એક કરોડ ઓગણીસ લાખ અઠયાવીસ હજાર આઠસો એકવીસ પુરા) મે, ૨૦૧૭ સુધીના હિસાબની કાયદેસરની બાકી લેણી રકમ પ્રતિવાદી નં.૧ પાસેથી વસુલ લેવાની થતી હોવાનું જણાવેલ છે. વધુમાં વાદીઓએ પ્રતિવાદી નં.૧ પાસે વારંવાર લેણી રકમની ઉઘરાણી કરેલ હોવા છતાં પ્રતિવાદી નં.૧ નાએ રકમ ચુકવવા કોઇ દરકાર લીધેલ નથી અને માત્ર સ્ટેમ્પ પેપર ઉપર લખાણો કરી દિલાસા આપેલ હોવાની હકીકત જણાવી વધુમાં પ્રતિવાદી નં.૧ નાએ વાદીને ત્યાં મુકેલા દાગીના નકલી અને બનાવટી હોવાનું વાદીઓને જણાઇ આવતા પ્રતિવાદી નં.૧ નાએ વાદીઓ રુબરુ તારીખ ૧૯.૧૦.૨૦૧૫ ના રોજ કબુલાત કરી તે બાબતનું કબુલાતનામું લખી આપેલ અને વાદીએ સને ૨૦૧૭ માં પોલીસ ફરીયાદ કરવાનું કહેતા પોલીસ ફરીયાદ રજીસ્ટર્ડ ન થાય તે માટે પ્રતિવાદી નં.૧ નાએ વાદીઓને અલગ અલગ રકમના કુલ ૫ ચેકો આપેલ જે ચેકો પણ વાદીઓએ બેન્કમાં રજુ કરતા અસ્વીકૃત થઇ પરત ફરેલ હોઇ વાદીઓએ પ્રતિવાદી નં.૧ વિરુધ્ધ નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ મુજબની ફરીયાદો જુદી જુદી કોર્ટમાં દાખલ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં વાદીઓના વિધ્વાન વકીલશ્રીએ તેમની દલીલોમાં પ્રતિવાદી

નં.૧ નાએ બનાવટી અને ડુપ્લીકેટ દાગીના વાદીની પેઢીમાં મુકી રકમ મેળવેલ હોવા બાબતે પ્રતિવાદી નં.૧ વિરુધ્ધ ફોજદારી ગુનો દાખલ થયેલ છે અને હાલમાં પ્રતિવાદી નં.૧ જામીન ઉપર હોવાનું જણાવેલ છે. વધુમાં તારીખ ૧૯.૧૦.૨૦૧૫ ના રોજ પ્રતિવાદી નં.૧ નાએ તેમની માલીકીની મિલકતો વેચીને પણ વાદીનું કાયદેસરનું તમામ લેણું વ્યાજ સાથે ચુકવી આપશે તેવો કરાર લખી આપેલ અને તે કરારથી પ્રતિવાદી નં.૧ બંધાયેલ હોવા છતાં પ્રતિવાદી નં.૧ નાએ ખલીકપુર ગામે આવેલ મિલકત પ્લોટ નં.૯૮ અને ૯૯ બારોબાર ત્રાહીત વ્યકિતને વેચાણ કરી દીધેલ છે અને વાદીઓની લેણી રકમ ચુકવી આપવા કોઇ દરકાર કરેલ ન હોવાનું જણાવેલ છે અને વધુમાં જો પ્રતિવાદી નં.૧ તેમની બીજી મિલકતો મકાન, દુકાનો પણ વેચાણ કરીને સગેવગે કરી દે તો વાદીઓને નાણાંથી પણ ભરપાઇ ન થઇ શકે તેવું પારાવાર નુકસાન થાય તેમ હોઇ પ્રતિવાદી નં.૧ ને તેવું ગેરકાયદેસર કૃત્ય કરતા અટકાવવા જરૂરી હોઇ વાદીઓએ ડેકલેરેશન અને કાયમી મનાઇ હુકમ મેળવવા હાલનો દાવો કરેલ છે અને જો પ્રતિવાદી નં.૧ પોતાની મિલકતો વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઇ રીતે તબદીલ કરી દે તો વાદીઓને હાલનો દાવો દાખલ કરવાનો કોઇ અર્થ રહે નહી અને વાદીઓને દાવાદુવીમાં ઉતરવું પડે અને વાદીઓના કાયદેસરના હકક હિતોને વિપરીત અસર થાય જે નાણાંથી ભરપાઇ થઇ શકે તેમ ન હોવાનું જણાવી વાદીઓ પ્રતિવાદી નં.૧ પાસેથી લેણી રકમ કોર્ટ સિવાય વસુલ મેળવી શકે તેમ નથી અને જો પ્રતિવાદી નં.૧ પોતાની મિલકતો વેચી મારે તો વાદીઓનું પ્રતિવાદી નં.૧ પાસેથી વસુલ મેળવવાનું કાયદેસરનું લેણું કાયમને માટે ડુબી જાય તેમ હોઇ વાદીઓને પ્રથમ દર્શનીય કેસ છે અને સગવડતા અગવડતાનું પાસું પણ વાદીઓની તરફેણમાં હોવાનું જણાવેલ છે. વધુમાં વાદીઓને જો માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં ન આવે તો વાદીઓને પારાવાદ નુકસાન થાય તેમ હોવાની અને વાદીઓને અસહય પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેમ હોવાનું જણાવી જો વાદીઓને માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને કોઇ નુકસાન ન હોવાની અને દાવાનો ગુણદોષ ઉપર નિકાલ થાય તેમ હોવાનું અને ન્યાયનો હેતુ પણ જળવાઇ રહેશે તેમ જણાવી વાદીઓની હાલની અરજી મંજુર કરી હાલનો દાવો ચાલતા દરમિયાન સુધીનો કામચલાઉ મનાઇ હુકમ પ્રતિવાદીઓ ની વિરુધ્ધમાં ફરમાવવા અરજ કરેલ છે.

૧૩. પ્રતિવાદી નં.૧ તરફે વિધ્વાન વકીલ શ્રી. બી.એમ. કોઠારીએ તેમની દલીલોમાં જણાવેલ છે કે વાદીઓના હાલના દાવાને દેખીતી રીતે જ સમયમર્યાદાનો બાધ નડે છે અને વાદીઓએ ધીરધારના કાયદાનો ભંગ કરેલ છે અને વાદીઓએ મનસ્વી રીતે કાયદા વિરુધ્ધ ખોટા હિસાબ કિતાબ બતાવી ખોટો અને બનાવટી દાવો કરેલ છે. વધુમાં પ્રતિવાદીના વિધ્વાન વકીલશ્રીએ તેમની દલીલોમાં જણાવેલ છે કે વાદીઓની દાવા અરજી અને મનાઇ અરજીની હકીકતો જોવામાં આવે તો દાવા અરજીના પેરા ૩ માં જણાવેલ સ્ટેટમેન્ટના અનુક્રમ નં.૧ થી ૩૫ ના તમામ નાણાંકીય વ્યવહારો સને ૨૦૧૨ થી ૨૦૧૪ દરમિયાનના હોવાનું અને વ્યવહારોની કુલ રકમ રૂપીયા ૪૩,૫૬,૦૦૦/- હોવાની જણાઇ આવતું હોઇ અને વાદીઓએ હાલનો દાવો સને ૨૦૧૮ માં દાખલ કરેલ હોવાનું જણાવી હાલના દાવો સમયમર્યાદા બહારનો હોવાનું જણાવેલ છે. વધુમાં દાવા અરજીના પેરા ૪ માં જણાવેલ સ્ટેટમેન્ટના અનુક્રમ નં.૧ થી ૪ ના તમામ નાણાંકીય વ્યવહારો સને ૨૦૧૨ અને ૨૦૧૩ દરમિયાનના હોવાનું અને વ્યવહારોની કુલ રકમ રૂપીયા ૯,૪૧,૬૨૫/- હોવાની હકીકત જણાઇ આવે છે. વધુમાં પ્રતિવાદી નં.૧ ના વિધ્વાન વકીલ શ્રી. કોઠારીએ તેમની દલીલોમાં જણાવેલ છે કે વાદીની દાવા અરજીના પેરા ૫ માં પણ જે ચેકો વીશેની હકીકતો જણાવેલ છે તે પણ સને ૨૦૧૨ થી ૨૦૧૪ દરમિયાનના છે અને સદર ચેકો ડીપોઝીટ કરેલ નહી અને ત્યારબાદ પેરા નં.૭ માં જે ચેકોનો ઉલ્લેખ કરેલ છે તે વાદીઓએ તારીખ ૨૨.૬.૨૦૧૭ ના રોજ પોલીસ ફરીયાદ આપેલ તેમાં ગુનો દાખલ ન થાય તે માટે સપ્ટેમ્બર, ૨૦૧૭ સુધીના વ્યાજ સહીતની લેણી રકમ રૂપીયા ૧,૨૬,૯૬,૧૬૦/- ની રકમના પ્રતિવાદી નં.૧ નાએ આપેલ હોવાનું જણાવેલ છે પરંતુ ત્યારબાદ તારીખ ૨૮.૧૦.૨૦૧૭ ના રોજ વાદીઓની ફરીયાદના આધારે પ્રતિવાદી નં.૧ વિરુધ્ધ ગુનો દાખલ થયેલ તેની ફરીયાદમાં પ્રતિવાદી નં.૧ નાએ સમાધાન પેટે આવા કોઇ ચેકો આપેલ હોય તેવી કોઇ હકીકતોનો ઉલ્લેખ પોલીસ ફરીયાદમાં ન હોવાની રજુઆત કરેલ છે.

૧૩.૧ પ્રતિવાદી નં.૧ ના વિધ્વાન વકીલ શ્રી. કોઠારીએ તેમની દલીલોમાં વધુમાં જણાવેલ છે કે પ્રતિવાદી નં.૧ નાએ વાદીઓને સમાધાન પેટે કોઇ ચેકો આપેલ નથી અને વાદીઓએ પ્રતિવાદી નં.૧ ના ખુબ જ જુના ચેકોનો દુરુપયોગ કરી વિગતો જાતે ભરી ભરાવી ગેરકાયદેસરના લેણાંને કાયદેસર કરવા ચેકોનો દુરુપયોગ કરેલ હોવાની રજુઆત કરી વાદીઓએ પ્રતિવાદી નં.૧

વિરુધ્ધ નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયેની ફરીયાદો કરેલ છે અને તે પૈકી વાદીઓએ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ, અમદાવાદની કોર્ટમાં કરેલ ફરીયાદ નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા સ્થગીત કરવામાં આવેલ હોવાની રજુઆત કરેલ છે. વધુમાં પ્રતિવાદી નં.૧ ના વિધ્વાન વકીલ શ્રી. કોઠારીએ કાયદાને લગતી રજુઆત કરેલ છે કે વાદીઓનો હાલનો દાવો જોવામાં આવે તો લેણી રકમ વસુલ મેળવવા માટેનો દાવો છે પરંતુ વાદીઓના હાલના દાવાને સમયમર્યાદાનો બાધ નડતો હોઇ વાદીઓએ ડેકલેરેશન અને કાયમી મનાઇ હુકમ મેળવવા હાલનો દાવો કરેલ હોવાનું જણાઇ આવે છે અને વાદીઓએ હાલની અરજી મિલકતો ટાંચમાં લેવા માટે એટેચમેન્ટ બીફોર જજમેન્ટ પ્રકારની કે ગારનીશી ઓર્ડર માટેની અરજી ન હોઇ વાદીઓને મનાઇ હુકમ આપી શકાય નહી તેવી દલીલ કરેલ છે અને વધુમાં વાદીઓએ હાલની અરજીની દાદમાં જણાવેલ મિલકતો પ્રતિવાદી નં.૧ અને તેમના પરીવારની માલીકીની હોવા બાબતે કોઇ તકરાર નથી અને વાદીઓનો સદર મિલકતોમાં કોઇ હકક હિસ્સો પોસાતો નથી અને માત્ર લેણી રકમ વસુલ મેળવવાની હોવા માત્રથી પ્રતિવાદીઓની મિલકતો બાબતે મનાઇ હુકમ આપી શકાય નહી તેવી દલીલ કરી જો વાદીઓને માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદી નં.૧ ને નુકસાન થાય તેમ છે જ્યારે વાદીઓનો હાલની અરજીની દાદ ૧૧(એ) માં જણાવેલ મિલકતોમાં કોઇ હકક હિસ્સો કે લાગભાગ પોષાતો ન હોઇ અને વાદીઓનું લેણું હોય તો તે નાણાંથી ભરપાઇ થઇ શકે તેમ હોઇ વાદીઓની હાલની કામચલાઉ મનાઇ અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

૧૪. ઉભયપક્ષની રજુઆતો સાંભળી તથા હાલના કામનું તમામ રેકર્ડ વંચાણે લેતાં, એ હકીકત સ્પષ્ટ જણાઇ આવે છે કે વાદીઓએ હાલનો દાવો ડેકલેરેશન અને કાયમી મનાઇ હુકમ મેળવવા માટે કરેલ છે અને હાલની અરજીની દાદમાં પ્રતિવાદી નં.૧ ની માલીકી કબજા ભોગવટાની મિલકતો વાદીઓની લેણી રકમ ચુકવી ન આપે ત્યાં સુધી કોઇને વેચાણ, ગીરો, બક્ષીસ કે ટ્રાન્સફર કરે કરાવે નહી તેવો દાવો ચાલતા દરમિયાનના કામચલાઉ મનાઇ હુકમની માંગણી કરેલ છે અને તેના ઉપરથી સ્પષ્ટ જણાઇ આવે છે કે વાદીઓનો સદર દાદ ૧૧(એ) માં જણાવેલ મિલકતોમાં કોઇ હકક હિસ્સો કે લાગભાગ પોષાતો નથી.વધુમાં દાવા અરજી અને હાલની મનાઇ અરજીના પ્લીડીંગ્સ ઉપરથી પણ સ્પષ્ટ જણાઇ આવે છે કે વાદીઓએ પ્રતિવાદી નં.૧ પાસેથી લેણી રકમ રૂપીયા

૧,૧૯,૨૮,૮૨૧/- (અંકે રૂપીયા એક કરોડ ઓગણીસ લાખ અઠયાવીસ હજાર આઠસો એકવીસ પુરા) વસુલ મેળવવાના આશય થી હાલનો દાવો કરેલ છે. આ કામે પ્રતિવાદી નં.૧ તરફે તેમના લેખીત જવાબમાં વાદીઓનો હાલનો દાવો સમયમર્યાદા બહારનો હોવાનો બચાવ લીધેલ છે અને પ્રતિવાદી નં.૧ ના વિધ્વાન વકીલશ્રીએ તેમની દલીલોમાં વાદીની દાવા અરજીના પેરા ૩, ૪ અને ૫ નો ઉલ્લેખ કરી તેમાં જણાવેલ વાદીઓ અને પ્રતિવાદી નં.૧ વચ્ચેના નાણાંકીય વ્યવહારો સને ૨૦૧૨ થી સને ૨૦૧૪ દરમિયાનના હોવાનું જણાવેલ છે. આમ, પ્રથમ દર્શનીય રીતે જોવામાં આવે તો વાદીઓનો દાવો પ્રતિવાદી નં.૧ પાસેથી લેણી રકમ રૂપીયા ૧,૧૯,૨૮,૮૨૧/- (અંકે રૂપીયા એક કરોડ ઓગણીસ લાખ અઠયાવીસ હજાર આઠસો એકવીસ પુરા) વસુલ મેળવવા બાબતનો હોવાનું સ્પષ્ટ રીતે ફલીત થાય છે. વાદીઓએ હાલના દાવાના સમર્થનમાં આંક ૪ ના લીસ્ટ થી નિશાની ૪/૧ થી ૪/૧૩૮ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જ્યારે પ્રતિવાદી નં.૧ નાએ પોતાના આંક ૧૯ ના લેખીત જવાબના સમર્થનમાં આંક ૨૮ ના લીસ્ટથી નિશાની ૨૮/૧ થી ૨૮/૧૦ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે, પરંતુ હાલના દાવાની હકીકતો જોવામાં આવે તો વાદીઓએ પ્રતિવાદી નં.૧ પાસેથી લેણી રકમ વસુલ મેળવવાની થતી હોવાના પ્લીડીંગ્સ સાથે હાલનો દાવો કરી પ્રતિવાદી નં.૧ ની માલીકી કબજા ભોગવટાવાળી મિલકતો ઉપર કામચલાઉ મનાઇ હુકમ મેળવવા હાલની અરજી કરેલ છે.

૧૫. આ કામે વાદીઓએ પ્રતિવાદી નં.૧ વિરુધ્ધ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ અને વાદીઓના કહેવા મુજબ તે ફરીયાદના અનુસંધાને પ્રતિવાદી નં.૧ વિરુધ્ધ ગુનો દાખલ ન થાય તે માટે પ્રતિવાદી નં.૧ નાએ લેણી રકમ બાબતે સમાધાન કરી કુલ ૫ ચેકો આપેલ અને તે ચેકો બેન્કમાં જમા કરાવતા અસ્વીકૃત થયેલ અને પરત ફરેલ હોઇ તે બાબતે વાદીઓએ પ્રતિવાદી નં.૧ વિરુધ્ધ જુદી જુદી કોર્ટમાં નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ગુનાની ફરીયાદો કરેલ હોવાનું જણાઇ આવે છે. પરંતુ આ કામે પ્રતિવાદી નં.૧ નાએ તેમના લેખીત જવાબમાં તેઓએ વાદીઓને કોઇ ચેકો આપેલ ન હોવાની અને વાદીઓએ પ્રતિવાદી નં.૧ ના જુના ચેકોનો દુરુપયોગ કરી તે ફોજદારી ફરીયાદો કરેલ હોવાનો બચાવ લીધેલ છે. વધુમાં ત્યારબાદ મોડાસા ટાઉન પોલીસ ધ્વારા આરોપી નં.૧ વિરુધ્ધ ગુનો દાખલ કરવામાં આવેલ અને તે ફરીયાદમાં

પ્રતિવાદી નં.૧ નાએ વાદીઓ સાથે સમાધાન કરી ચેકો આપેલ હોવા બાબતની હકીકતનો કોઇ ઉલ્લેખ કરવામાં આવેલ હોવાનું જણાતું નથી. વધુમાં વાદીઓની ફરીયાદના આધારે પ્રતિવાદી નં.૧ વિરુધ્ધ નકલી અને બનાવટી સોનાના દાગીના આપેલ હોવા બાબતના કેસમાં પ્રતિવાદી હાલમાં જામીન ઉપર હોવાની હકીકત પણ જણાઇ આવે છે. આમ, આ કામે વાદીઓ અને પ્રતિવાદીઓ વચ્ચે નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ ની ફરીયાદો ઉપરાંત પ્રતિવાદી નં.૧ વિરુધ્ધ બનાવટી દાગીના બાબતનો પોલીસ કેસ દાખલ થયેલ છે. આમ, એક તરફ વાદીઓએ પ્રતિવાદી નં.૧ ના ચેકો બાબતે નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ગુનાની ફરીયાદો દાખલ કરેલ છે અને હાલના દાવામાં લેણી રકમ વસુલ મેળવવાની દાદ સાથે ડેકલેરેશન અને કાયમી મનાઇ હુકમના ટાઇટલ સાથે દાવો કરેલ છે પરંતુ દાવાના પ્લીડીંગ્સ અને હાલની મનાઇ અરજીની દાદ ઉપરથી વાદીઓએ પ્રતિવાદી નં.૧ લેણી રકમ વસુલ ન આપે ત્યાં સુધી પ્રતિવાદી નં.૧ ની માલીકી અને કબજા ભોગવટાની મિલકતો બાબતે કામચલાઉ મનાઇ હુકમ ફરમાવવા માંગ કરેલ હોવાનું સ્પષ્ટ રીતે જણાઇ આવે છે.

૧૬. આ કામે વાદીઓએ પ્રતિવાદી નં.૧ ની માલીકી અને કબજા ભોગવટાવાળી મિલકતો બાબતે કોઇ દાવો કરેલ નથી પરંતુ પ્રતિવાદી નં.૧ પાસેથી લેણી રકમ તે વાદીઓને ચુકવે નહી ત્યાં સુધી સદર મિલકતો બાબતે કામચલાઉ મનાઇ હુકમ ફરમાવવા રજુઆત કરેલ છે. આ કામે વાદીઓએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા જોવામાં આવે તો તેમાં જે રસીદો, મુદદામાલની પાવતીઓ અને ધિરાણની રસીદો છે તે તમામ સને ૨૦૧૨ થી ૨૦૧૪ દરમિયાનની હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે. વધુમાં આ કામે વાદીઓ અને પ્રતિવાદી નં.૧ વચ્ચે થયેલ નાણાંકીય વ્યવહારો તે પુરાવાનો વિષય છે. આ કામે વાદીઓએ હાલની અરજીની દાદમાં પ્રતિવાદી નં.૧ ની માલીકી અને કબજાની મિલકતો બાબતની જે હકીકતો જણાવેલ છે તે મિલકતોમાં વાદીઓનો કોઇ હકક હિસ્સો હોય તેવો કોઇ કેસ નથી અને માત્ર પ્રતિવાદી પાસેથી લેણી રકમ વસુલ મેળવવાની હોવા માત્રથી વાદીઓએ હાલની મનાઇ અરજી દાખલ કરેલ હોવાનું ફલીત થાય છે. તે સંજોગોમાં વાદીઓનો કોઇ પ્રથમ દર્શનીય કેસ નથી કેમ કે વાદીઓ જો પ્રતિવાદી નં.૧ પાસેથી કોઇ લેણું વસુલ કરવા હકકદાર હોય તો તે નાણાંથી વસુલ થઇ શકે તેમ છે. વધુમાં આ કામે વાદીઓએ પ્રતિવાદી નં.૧ વિરુધ્ધ ચેકો પરત

થવા બાબતે નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ગુનાની ફરીયાદો પણ કરેલ છે અને હાલનો દાવો કરી તે ચેકોમાં જણાવેલ લેણી રકમ વસુલ મેળવવા અને તે દરમિયાન પ્રતિવાદી નં.૧ ની માલીકી અને કબજા ભોગવટાની મિલકતો ઉપર કામચલાઉ મનાઇ હુકમ ફરમાવવા અરજ કરેલ છે જ્યારે પ્રતિવાદીઓએ વાદીઓનો હાલનો દાવો સમયમર્યાદા બહારનો હોવાનો અને તેઓએ વાદીઓને કોઇ ચેકો આપેલ ન હોવા બાબતનો બચાવ લીધેલ છે. આમ આ કામે વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ઉપરથી વાદીઓએ પ્રતિવાદી નં.૧ ને કોઇ ધિરાણ આપેલ હોય કે પ્રતિવાદી નં.૧ નાએ વાદીઓને કોઇ રકમ ચુકવેલ હોય તે તમામ હકીકતો ઉપરથી પક્ષકારો વચ્ચેનો હિસાબ કિતાબ ધ્યાને લઇ વાદીઓનું ખરેખર ચોકકસ કેટલી રકમનું કાયદેસરનું લેણું છે અને તે રકમ વાદીઓ વસુલ મેળવવા હકકદાર બને છે કે કેમ તે વિગતવારનો પુરાવો લીધા બાદ જ નકકી થઇ શકે તેમ છે અને તે સંજોગોમાં વાદીાોને માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં ન આવે તો વાદીઓને નાણાંમાં ન આંકી શકાય તેવું કોઇ નુકસાન થવાની શક્યતા રહેલ નથી અને તે જ રીતે પ્રતિવાદી નં.૧ ની મિલકતો પરત્વે મનાઇ હુકમ માંગવામાં આવેલ છે તે અંગે વાદીઓ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો પણ સગવડતા અગવડતાનું પાસું વાદીઓની તરફેણમાં હોવાનું જણાઇ આવતું નથી.

૧૭. આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ બંને પક્ષકારો વચ્ચે નાણાંકીય વ્યવહારો થયેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઇ આવે છે અને વાદીઓએ પ્રતિવાદી નં.૧ પાસેથી લેણી રકમ વસુલ મેળવવાના આશયથી હાલનો દાવો કરેલ હોઇ, બંને પક્ષકારો તરફે રજુ થયેલ હકીકતો અંગે બંને પક્ષકારોએ યોગ્ય અને સચોટ પુરાવા રજુ કરી પોતાની હકીકતો પુરવાર કરવી જોઇએ અને તે હકીકતો પુરાવાનો વિષય હોવાનું મારું સ્પષ્ટ માનવું છે. વધુમાં આ કામે વાદીઓના દાવા અરજીની દાદ અને હાલની અરજીની દાદને ધ્યાને લેવામાં આવે તો વાદીઓની માંગ પ્રતિવાદી નં.૧ પાસેથી લેણી રકમ વસુલ મેળવવાની બાબતની હોઇ જો હાલની અરજીમાં માંગ્યા મુજબનો મનાઇ હુકમ ન આપવામાં આવે તો વાદીઓ કોઇને પણ નુકસાન થાય તેમ ન હોવાનું પરંતુ જો કોઇ નુકસાન થાય તો તે નાણાંથી ભરપાઇ થઇ શકે તેમ હોવાનું સ્પષ્ટ રીતે જણાઇ આવતું હોઇ, તમામ હકીકતો અને સંજોગોને ધ્યાને લેતા ઉપર ચર્ચા કર્યા મુજબ હાલની અરજી મંજુર થવા પાત્ર ન હોઇ, મુદદા નં.૧ થી

૩ નો જ્વાબ નકારમાં આપી મુદદા નં.૪ સબબ ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## -: હુ ક મ :-

હાલની આંક ૫ ની કામચલાઉ મનાઇ હુકમ મેળવવાની અરજી આથી નામંજુર (રદ) કરવામાં આવે છે.

આ કામે બંને પક્ષકારોની તકરારો ધ્યાને લેતાં, બંને પક્ષકારોએ તાત્કાલીક પુરાવો રજુ કરી ઝડપથી દાવાની ટ્રાયલ ચલાવવામાં સાથ સહકાર આપવો.

અરજીનો ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

આજ રોજ તારીખ. ૨૩ મી ડીસેમ્બર, ૨૦૨૦ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તારીખ. ૨૩/૧૨/૨૦૨૦

( રાજેન્દ્ર ઘનશ્યામભાઇ બારોટ )
પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જજ
મોડાસા, જી. અરવલ્લી
**Judge Code : GJ00572**